**Seat No. / Enrolment No.:**

# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY

**Diploma Engineering – SEMESTER – 2 (NEW) – EXAMINATION – Winter-2025**

**Subject Code: DI02000131** **Date: 17-01-2026**
**Subject Name: Contributor Personality Development**
**Time: 10:30 AM TO 01:00 PM** **Total Marks: 70**
**Instructions:**

1. **Attempt all questions.**
2. **Make Suitable assumptions wherever necessary.**
3. **Figures to the right indicate full marks.**
4. **Use of simple calculators and non-programmable scientific calculators are permitted.**
5. **English version is authentic.**
6. **There are 29 questions (in 4 sections) in this question paper.**
7. **Use only OMR to answer this question paper.**

## Section A

Instructions: This section has a scenario. Read carefully before answering the subsequent questions. There are 4 questions in this section. All questions are compulsory. Each question has 3 or 2 options. Choose ONLY ONE option which you consider the most appropriate and mark it on the answer sheet given to you.

**Max Marks: 10**

સૂચનાઓ: આ વિભાગમાં એક કેસ છે. નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપતા પહેલા, કેસ ધ્યાનથી વાંચો. આ વિભાગમાં 4 પ્રશ્નો છે. બધા પ્રશ્નો ફરજિયાત છે. દરેક પ્રશ્નમાં 3 અથવા 2 વિકલ્પો છે. **ફક્ત એક જ** વિકલ્પ પસંદ કરો જે તમને સૌથી યોગ્ય લાગે અને તમને આપેલી આન્સરશીટ પર તેને માર્ક કરો. **મહત્તમ ગુણ: 10**

Salim Ali, known as the Bird Man of India, was an Indian expert on birds and nature. His interest in studying birds started when he was 10 years old after he accidentally shot a sparrow.
ભારતના બર્ડમેન તરીકે જાણીતા, સલીમ અલી પક્ષીઓ અને પ્રકૃતિના ભારતીય નિષ્ણાત હતા. તેઓ 10 વર્ષના હતા ત્યારે પક્ષીઓના અભ્યાસમાં તેમને રસ પડયો હતો, જ્યારે તેમણે અકસ્માતે એક ચકલીને ગોળી મારી દીધી હતી.

He had many questions about birds, so he met W. S. Williard, a bird expert from the Bombay Natural History Society (BNHS), who inspired him deeply. Even though he was trained, Salim Ali could not get a job in any museum or institute. So, he chose to work independently, creating maps that showed where different birds lived in India. He travelled around India, studying birds and writing down what he learned in books and guides. He helped save important institutions like BNHS and protected bird areas like the Bharatpur Bird Sanctuary.
તેમને પક્ષીઓ વિશે ઘણા પ્રશ્નો હતા, તેથી તેઓ બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી (BNHS) ના પક્ષી નિષ્ણાત, ડબલ્યુ. એસ. વિલિયાર્ડને મળ્યા, જેમણે તેમને ખૂબ પ્રેરણા આપી. તાલીમ પામેલા હોવા છતાં, સલીમ અલીને કોઈ સંગ્રહાલય કે સંસ્થામાં નોકરી મળી ન હતી. તેથી, તેમણે સ્વતંત્ર રીતે કામ કરવાનું પસંદ કર્યું, ભારતમાં વિવિધ પક્ષીઓ ક્યાં રહે છે તે દર્શાવતા નકશાઓ તૈયાર કર્યા. તેમણે ભારતભરમાં પ્રવાસ કર્યો, પક્ષીઓનો અભ્યાસ કર્યો અને પુસ્તકો અને માર્ગદર્શિકાઓમાં જે શીખ્યા તે લખ્યું. તેમણે BNHS જેવી મહત્વપૂર્ણ સંસ્થાઓને સંરક્ષણમાં અને ભરતપુર પક્ષી અભયારણ્ય (સૅન્ક્ચ્યુઅરી) જેવા પક્ષી વિસ્તારોનું રક્ષણ કરવામાં મદદ કરી.

One of his greatest works, The Handbook of the Birds of India and Pakistan, was created with Dillon Ripley and became very important in bird studies. Salim Ali's books, such as Book of Indian Birds and The Birds of Kerala, made bird study popular in India. These books were also translated into local languages so more people could learn about birds.
તેમની મહાન કૃતિઓમાંની એક, "ધ હેન્ડબુક ઓફ ધ બર્ડ્સ ઓફ ઇન્ડિયા એન્ડ પાકિસ્તાન", ડિલન રિપ્લી સાથે મળીને બનાવવામાં આવી હતી અને પક્ષી અભ્યાસમાં ખૂબ જ મહત્વપૂર્ણ બની હતી. સલીમ અલીના પુસ્તકો, જેમ કે "બુક ઓફ ઇન્ડિયન બર્ડ્સ" અને "ધ બર્ડ્સ ઓફ કેરળ", એ ભારતમાં પક્ષી અભ્યાસને લોકપ્રિય બનાવ્યો. આ પુસ્તકોનો સ્થાનિક ભાષાઓમાં પણ અનુવાદ કરવામાં આવ્યો, જેથી વધુ લોકો પક્ષીઓ વિશે શીખી શકે.

1. Salim Ali persisted even when he could not get a job. He chose to work independently. Which Creator Practice does this demonstrate?
   a] Be Adventurous
   b] Adapt and Grow

૧. સલીમ અલી નોકરી ન મળી ત્યારે પણ સતત કામ કરતા રહ્યા. તેમણે સ્વતંત્ર રીતે કામ કરવાનું પસંદ કર્યું. આ કઈ સર્જક પ્રથા દર્શાવે છે?
   a] સાહસિક બનો
   b] અનુકૂલન અને વૃદ્ધિ

2. Salim Ali worked hard to promote environmental conservation. Why do you think Salim Ali made that choice?
   a] Because he wanted to create awareness in the country about environmental conservation.
   b] Because he wanted to popularize Ornithology – the study of Birds in India.
   c] Because he wanted to be known as an expert on birds.

૨. સલીમ અલીએ પર્યાવરણીય સંરક્ષણને પ્રોત્સાહન આપવા માટે સખત મહેનત કરી. તમને શું લાગે છે કે સલીમ અલીએ આ પસંદગી કેમ કરી?

a] કારણ કે તેઓ દેશમાં પર્યાવરણીય સંરક્ષણ વિશે જાગૃતિ લાવવા માંગતા હતા.

b] કારણ કે તેઓ ભારતમાં પક્ષીઓના અભ્યાસ - પક્ષીશાસ્ત્રને લોકપ્રિય બનાવવા માંગતા હતા.

c] કારણ કે તેઓ પક્ષીઓના નિષ્ણાત તરીકે જાણીતા બનવા માંગતા હતા.

3. What do you learn from Salim Ali's journey as a Contributor?
   a] We can do well only in professions that interest us.
   b] In any profession, we can create societal impact.

3. સલીમ અલીની યોગદાનકર્તા તરીકેની સફરમાંથી તમે શું શીખો છો?
   a] આપણે ફક્ત એવા વ્યવસાયોમાં જ સારું કરી શકીએ છીએ જેમાં આપણને રસ હોય.
   b] કોઈપણ વ્યવસાયમાં, આપણે સામાજિક પ્રભાવ પાડી શકીએ છીએ.

4. Just like Salim Ali, Aditi wants to pursue her passion for renewable energy in her career. Which of these is a contribution that she can make as a Knowledge Builder?
   a] She can wait for chances to join energy conservation forums.
   b] She can focus on deepening existing renewable technologies research.
   c] She can push the boundaries of renewable energy research with a focus on building sustainable solutions.

૪. સલીમ અલીની જેમ, અદિતિ પણ પોતાની કારકિર્દીમાં નવીનીકરણીય ઉર્જા પ્રત્યેના પોતાના જુસ્સાને આગળ વધારવા માંગે છે. નોલેજ બિલ્ડર તરીકે તે આમાંથી કયું યોગદાન આપી શકે છે?
   a] તે ઉર્જા સંરક્ષણ મંચોમાં જોડાવાની તકોની રાહ જોઈ શકે છે.
   b] તે હાલના નવીનીકરણીય ટેકનોલોજી સંશોધનને વધુ ગાઢ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે.
   c] તે ટકાઉ ઉકેલો બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરીને નવીનીકરણીય ઉર્જા સંશોધનની સીમાઓને આગળ ધપાવી શકે છે.

## Section B

Instructions: There are 10 questions in this section. All questions are compulsory. Each question has 2 statements. Select ONLY ONE statement that you feel is closest to your thinking and mark it on the answer sheet given to you.

**Max Marks: 20**

સૂચનાઓ: આ વિભાગમાં 10 પ્રશ્નો છે. બધા પ્રશ્નો ફરજિયાત છે. દરેક પ્રશ્નમાં 2 વિધાનો છે. **ફક્ત એક જ** વિધાન પસંદ કરો જે તમને લાગે કે તમારી વિચારસરણીથી સૌથી નજીક છે અને તમને આપેલી આન્સરશીટ પર તેને માર્ક કરો.

**મહત્તમ ગુણ: 20**

5. Identify the statement with an I-CAN belief.
   a] "This project is challenging. I will be able to take it up after receiving formal training."
   b] "This project is challenging. It will be difficult, but I will take up this project and learn as I work."

૫. આઈ-કેન માન્યતા સાથેના વિધાનને ઓળખો.

a] "આ પ્રોજેક્ટ પડકારજનક છે. ઔપચારિક તાલીમ લીધા પછી હું તેને હાથ ધરી શકીશ."

b] "આ પ્રોજેક્ટ પડકારજનક છે. તે મુશ્કેલ હશે, પરંતુ હું આ પ્રોજેક્ટ હાથ ધરીશ અને કામ કરતાં કરતાં શીખીશ."

6. A college football team lost a match due to a few mistakes made in the last few minutes of the final match. Which of them do you think has the strongest roots to achieve sustainable success?

a] Alok: "Performance in one match does not define me. Our team still managed to reach the finals – so that is a step forward."

b] Jerome: "It is unfortunate that we lost a game when we were so close to winning. As a team, we can reflect and decide how to avoid such mistakes from happening in the future."

૬. ફાઇનલ મેચની છેલ્લી થોડી મિનિટોમાં થયેલી કેટલીક ભૂલોને કારણે કોલેજ ફૂટબોલ ટીમ મેચ હારી ગઈ. તમારા મતે, તેમાંથી કયું ટકાઉ સફળતા મેળવવા માટે સૌથી મજબૂત મૂળ ધરાવે છે?

a] આલોક - "એક મેચનું પ્રદર્શન મારી ઓળખ નથી. અમારી ટીમ ફાઇનલ સુધી પહોંચી છે – એ પોતે જ આગળ વધવાનો એક પગલું છે."

b] જેરોમ - "જીતની આટલી નજીક હોવા છતાં મેચ હારી ગયા તે દુર્ભાગ્યપૂર્ણ છે. પરંતુ એક ટીમ તરીકે આપણે વિચાર કરી શકીએ છીએ અને ભવિષ્યમાં આવી ભૂલો ફરી ન થાય તે માટે શું કરવું તે નક્કી કરી શકીએ છીએ."

7. Dr. Anant Pandhare runs a hospital that serves lakhs of poor people in rural villages. Why is he a Changemaker?

a] Because he is making healthcare affordable to all kinds of people in the country.

b] Because he managed to start & run a hospital in rural India.

૭. ડૉ. અનંત પાંઢારે એક હોસ્પિટલ ચલાવે છે જે ગ્રામીણ ગામડાઓમાં લાખો ગરીબ લોકોની સેવા કરે છે. તેઓ શા માટે ચેન્જમેકર છે?

a] કારણ કે તેઓ દેશના તમામ વર્ગના લોકો માટે આરોગ્યસંભાળને સસ્તી બનાવી રહ્યા છે.

b] કારણ કે તેઓ ભારતના ગ્રામીણ વિસ્તારમાં હોસ્પિટલ શરૂ કરવામાં અને તેને ચલાવવામાં સફળ રહ્યા છે.

8. Identify the Creator Practice: 'Be Adventurous' from the two examples below.

a] Pujal was offered work in a field she had not studied before. Despite her hesitation, she decided to take a chance and work in that field.

b] Dhrimiti missed the deadline for her project. She chose to focus on what she can do now, rather than focusing on constraints.

૮. નીચે આપેલા બે ઉદાહરણોમાંથી (સર્જક પ્રથા): 'સાહસિક બનો' ને ઓળખો.

a] પૂજલને એવા ક્ષેત્રમાં કામ કરવાની તક મળી હતી જેનો તેણે પહેલાં ક્યારેય અભ્યાસ કર્યો ન હતો. તેના મનમાં ખચકાટ હોવા છતાં, તેણે જોખમ લઈને તે ક્ષેત્રમાં કામ કરવાનો નિર્ણય કર્યો.

b] ધૃમિતિ તેના પ્રોજેક્ટ માટે સમયમર્યાદા ચૂકી ગઈ. તેને અડચણો પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે, હવે તે શું કરી શકે છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવાનું પસંદ કર્યું.

9. In this digital age, Artificial Intelligence (AI) tools are taking over many human professions. As a Contributor, I would -
   a] Focus on learning things that the AI tools cannot do and build my capacities there.
   b] Focus on discussing with my seniors whether my career chances can be affected by AI.

૯. આ ડિજિટલ યુગમાં, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ટૂલ્સ ઘણા માનવ વ્યવસાયો પર કબજો કરી રહ્યા છે. એક યોગદાનકર્તા તરીકે, હું -
   a] AI ટૂલ્સ કરી શકતા નથી એવી બાબતો શીખવા પર ધ્યાન કેન્દ્રિત કરીશ અને એ ક્ષેત્રોમાં મારી ક્ષમતાઓ વિકસાવીશ.
   b] મારા વરિષ્ઠો સાથે ચર્ચા કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીશ કે શું મારી કારકિર્દીની તકો AI દ્વારા પ્રભાવિત થઈ શકે છે.

10. A musical jugalbandhi is wonderful only when –
   a] All musicians perform well together.
   b] It has all the top musicians performing in it.

૧૦. સંગીતની જુગલબંધી ત્યારે જ અદ્ભુત હોય છે જ્યારે -
   a] બધા સંગીતકારો સાથે મળીને સારું પ્રદર્શન કરે છે.
   b] તેમાં બધા ટોચના સંગીતકારો પ્રદર્શન કરે છે.

11. As a Contributor, which of these statements do you agree with?
   a] "It is better to avoid challenges that seem difficult from the start."
   b] "If I attempt something difficult, I might discover strengths I didn't know I had."

૧૧. એક યોગદાનકર્તા તરીકે, તમે આમાંથી કયા વિધાન સાથે સહમત છો?
   a] "શરૂઆતથી જ મુશ્કેલ લાગતા પડકારોને ટાળવું વધુ સારું છે."
   b] "જો હું કંઈક મુશ્કેલ કરવાનો પ્રયાસ કરું, તો કદાચ મને મારી એવી શક્તિઓ વિશે ખબર પડશે જે મને પહેલાં ખબર નહોતી કે મારી પાસે છે."

12. Tina, a Teaching Assistant, finds that majority of the students are making similar mistakes in their assignments. Which of these actions shows that Tina is unleashing her Power to Contribute?
   a] She highlights all the mistakes that students are making and informs the Professor.

b] She volunteers to organize a session in the evening for all students who want to understand their mistakes and improve their understanding of the topic.

૧૨. ટીચિંગ આસિસ્ટન્ટ ટીનાને લાગે છે કે મોટાભાગના વિદ્યાર્થીઓ તેમના કાર્યમાં સમાન ભૂલો કરી રહ્યા છે. આમાંથી કઈ ક્રિયા દર્શાવે છે કે ટીના તેમની યોગદાન આપવાની શક્તિનો ઉપયોગ કરી રહી છે?

a] તે વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતી તમામ ભૂલોને નોંધે છે અને પ્રોફેસરને તેની જાણ કરે છે.

b] વિદ્યાર્થીઓ પોતાની ભૂલો સમજી શકે અને વિષયની સમજ સુધારી શકે તે માટે તે સાંજે એક સહાય સત્ર આયોજિત કરવા સ્વયંસેવક બને છે.

13. Shumona wants to pursue her passion for Indian Classical Dance as her career. Which of these is a contribution that she can make as a Professional Achiever?

a] She can spend many hours every day working to perfect her dance style.

b] She can participate in multiple State and National level dance competitions to prove to herself (and others) that she made the right career choice.

૧૩. શુમોના ભારતીય શાસ્ત્રીય નૃત્ય પ્રત્યેના તેના જુસ્સાને તેની કારકિર્દી તરીકે આગળ વધારવા માંગે છે. એક વ્યાવસાયિક સિદ્ધિ મેળવનાર તરીકે તે આમાંથી કયું યોગદાન આપી શકે છે?

a] તે પોતાની નૃત્ય શૈલીને શ્રેષ્ઠ બનાવવા માટે દરરોજ ઘણા કલાકો મહેનત કરી શકે છે.

b] પોતાની પસંદ કરેલી કારકિર્દી યોગ્ય છે તે પોતાને (અને અન્ય લોકોને) સાબિત કરવા માટે અનેક રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરની નૃત્ય સ્પર્ધાઓમાં ભાગ લઈ શકે છે.

14. An NGO working to educate children in rural areas finds low attendance because children are helping in the fields with farming. Kazia is appointed by the NGO to reduce dropouts in the school. As a Contributor, what would Kazia do?

a] She can follow the instructions of her seniors e.g. if they tell her to visit villagers, she will do so.

b] She can go to meet families in the village to understand what is happening and find a solution that works for all.

૧૪. ગ્રામીણ વિસ્તારોમાં બાળકોને શિક્ષિત કરવા માટે કાર્યરત એક NGO માં બાળકોની હાજરી ઓછી જોવા મળે છે, કારણ કે તેઓ ખેતરમાં ખેતીના કામમાં મદદ કરે છે. શાળા છોડી દેવાનું પ્રમાણ ઘટાડવા માટે NGO દ્વારા કાઝિયાની નિમણૂક કરવામાં આવી છે. યોગદાનકર્તા તરીકે, કાઝિયા શું કરશે?

a] તે તેના વરિષ્ઠ અધિકારીઓની સૂચનાઓનું પાલન કરી શકે છે, ઉદાહરણ તરીકે, જો તેઓ તેને ગામલોકોને મળવા કહે, તો તે તેમ કરશે.

b] તે ગામમાં પરિવારજનોને મળવા જઈ શકે છે, જેથી શું થઈ રહ્યું છે તે સમજી શકે અને સૌને અનુકૂળ એવો ઉકેલ શોધી શકે.

## Section C

Instructions: This section has 5 questions. All questions are compulsory. Each question has 3 or 4 statements and 4 possible option choices. Choose ONLY ONE option (out of the 4 given) and mark it on the answer sheet given to you.

**Max Marks: 10**

સૂચનાઓ: આ વિભાગમાં 5 પ્રશ્નો છે. બધા પ્રશ્નો ફરજિયાત છે. દરેક પ્રશ્નમાં 4 વિધાનો અને 3-4 સંભવિત વિકલ્પો છે. આપેલા 4 માંથી, **ફક્ત એક જ** વિકલ્પ પસંદ કરો અને તમને આપેલી આન્સરશીટ પર તેને માર્ક કરો.

**મહત્તમ ગુણ: 10**

15. Contributors matter because __________ *(You can choose more than one statement.)*
    1. They believe that solutions can be found in every problem.
    2. They help others succeed.
    3. They are eager to learn new skills required for their work.
    4. They don't lose sight of their main goal and purpose in their work.

    a] 1 & 4 b] 2 & 4 c] 3 & 4 d] All of the above

૧૫. યોગદાનકર્તાઓ મહત્વપૂર્ણ છે કારણ કે ________ (તમે એક કરતાં વધુ વિધાન પસંદ કરી શકો છો.)
    1. તેઓ માને છે કે દરેક સમસ્યામાં ઉકેલો શોધી શકાય છે.
    2. તેઓ બીજાઓને સફળ થવામાં મદદ કરે છે.
    3. તેઓ તેમના કાર્ય માટે જરૂરી નવી કુશળતા શીખવા માટે ઉત્સુક હોય છે.
    4. તેઓ તેમના કાર્યમાં તેમના મુખ્ય ધ્યેય અને હેતુને ભૂલતા નથી.

    a] 1 & 4 b] 2 & 4 c] 3 & 4 d] ઉપરના બધા વિકલ્પો

16. Shreya, an engineering student, is interested in coding and programming. In the future, Shreya wants to build a successful software company in the social sector, to help rural people get access to medical care through technology. What are the roots (in her Tree of Sustainable Success) she could develop in her journey?
    1. Becoming a Social Entrepreneur.
    2. Setting up a business of her own.
    3. Developing an attitude of constantly learning new things.
    4. Developing new technical skills.
    5. Developing the ability to take on challenging tasks.

    a] 1, 2, 4 b] 3, 4, 5 c] 4, 5 d] 1 & 5

૧૬. એન્જિનિયરિંગની વિદ્યાર્થીની શ્રેયા કોડિંગ અને પ્રોગ્રામિંગમાં રસ ધરાવે છે. ભવિષ્યમાં, શ્રેયા સામાજિક ક્ષેત્રમાં એક સફળ સોફ્ટવેર કંપની બનાવવા માંગે છે, જેથી ગ્રામીણ લોકોને ટેકનોલોજી દ્વારા તબીબી સંભાળની સુવિધા મળી શકે. તેના સફરમાં તે કયા મૂળ (તેના ટકાઉ સફળતાના વૃક્ષના) વિકસાવી શકે છે?
    1. સામાજિક ઉદ્યોગસાહસિક બનવું.
    2. પોતાનો વ્યવસાય સ્થાપિત કરવો.

3. સતત નવી વસ્તુઓ શીખવાનો અભિગમ વિકસાવવો.

4. નવી તકનીકી કુશળતા વિકસાવવી.

5. પડકારજનક કાર્યો કરવાની ક્ષમતા વિકસાવવી.

a] 1, 2, 4 b] 3, 4, 5 c] 4, 5 d] 1 & 5

17. Sunanda and her husband Sunil spent more than a year developing a cost-effective machine that helps make farmers' lives a little easier. They were hoping that people in their own village and nearby villages would value it and buy it. However, very few farmers were interested in buying the machine. How would you prefer Sunanda and Sunil to respond to this situation? *(Rank the statements from most contributive to least contributive)*
   1. They could stop working on this machine and take up something else that is more likely to succeed.
   2. They could talk to farmers and use that information to learn what works and doesn't work for them so that it can be useful in the future.
   3. They could find out what parts of the solution worked and what didn't, and then develop and test out improved versions of the machine.
   4. They could conclude that they don't have the capability to develop such innovative solutions and should stop working on them.

   a] 1-4-2-3 b] 4-1-2-3 c] 3-2-1-4 d] 1-4-3-2

૧૭. સુનંદા અને તેમના પતિ સુનિલે ખેડૂતોના જીવનને થોડું સરળ બનાવે એવું એક ખર્ચ-અસરકારક મશીન વિકસાવવામાં એક વર્ષથી વધુ સમય વિતાવ્યો. તેઓ આશા રાખતા હતા કે તેમના પોતાના ગામ અને નજીકના ગામડાઓના લોકો તેનું મૂલ્ય સમજી તેને ખરીદશે. જોકે, ખૂબ ઓછા ખેડૂતોને મશીન ખરીદવામાં રસ હતો. તમે સુનંદા અને સુનિલને આ પરિસ્થિતિમાં કેવી પ્રતિક્રિયા આપવાનું પસંદ કરશો? (સૌથી વધુ યોગદાનકર્તા વિકલ્પથી ઓછામાં ઓછા યોગદાનકર્તા વિકલ્પ સુધીના વિવિધ વિધાનોનો ક્રમ આપો.)
   1. તેઓ આ મશીન પર કામ કરવાનું બંધ કરી શકે છે અને વધુ સફળ થવાની શક્યતા ધરાવતી કોઈ બીજી વસ્તુ તરફ આગળ વધી શકે છે.
   2. તેઓ ખેડૂતો સાથે વાતચીત કરી શકે છે અને તેમના માટે શું કામ કરે છે અને શું નથી તે સમજવા માટે આ માહિતીનો ઉપયોગ કરી શકે છે, જેથી ભવિષ્યમાં તે ઉપયોગી બની શકે.
   3. તેઓ શોધી શકે છે કે ઉકેલના કયા ભાગો કામ કરે છે અને કયા નથી કરતા, અને પછી મશીનના સુધારેલા સંસ્કરણો વિકસાવી અને તેનું પરીક્ષણ કરી શકે છે.
   4. તેઓ નિષ્કર્ષ પર આવી શકે છે કે તેમની પાસે આવા નવીન ઉકેલો વિકસાવવાની ક્ષમતા નથી, અને તેથી તેના પર કામ કરવાનું બંધ કરવું જોઈએ.

   a] 1-4-2-3 b] 4-1-2-3 c] 3-2-1-4 d] 1-4-3-2

18. Purav is currently working in an organization. While managing a project, he finds it difficult to communicate with the client as he is not very fluent in English. Which of the following options shows that he is taking the I-CAN approach?
   1. Right now, the priority is to communicate with the client. I can go online and find resources in English to be able to communicate. Later, I can take English classes and practice speaking English every day to get better at it.

2. I have faced this situation in the past. I think I should choose a job that does not require so much communication in English.
3. If I try to learn English now, the project will get over. Let me hand over this project to someone who knows English and take up another project.

a] 1 & 3 b] 3 c] 2 d] 1

૧૮. પુરવ હાલમાં એક સંસ્થામાં કામ કરે છે. એક પ્રોજેક્ટનું સંચાલન કરતી વખતે, તેને ક્લાયન્ટ સાથે વાતચીત કરવામાં મુશ્કેલી પડે છે કારણ કે તે અંગ્રેજીમાં બહુ સારો નથી. નીચેનામાંથી કયો વિકલ્પ બતાવે છે કે તે
આઈ-કેન અભિગમ અપનાવી રહ્યો છે?

1. અત્યારે, ક્લાયન્ટ (ગ્રાહક) સાથે સંવાદ કરવું મારી પ્રાથમિકતા છે. ક્લાયન્ટ સાથે સંવાદ કરવા માટે હું ઑનલાઇન અંગ્રેજીમાં સંસાધનો શોધી શકું છું. પછીથી, હું અંગ્રેજીના વર્ગો લઈ શકું છું અને મારી અંગ્રેજી સુધારવા માટે દરરોજ બોલવાની પ્રેક્ટિસ કરી શકું છું.
2. મેં ભૂતકાળમાં પણ આવી પરિસ્થિતિનો સામનો કર્યો છે. મને લાગે છે કે મારે એવી નોકરી પસંદ કરવી જોઈએ જેમાં અંગ્રેજીમાં આટલા બધા સંવાદની જરૂર ન હોય.
3. જો હું હવે અંગ્રેજી શીખવા લાગું, તો ત્યાં સુધીમાં પ્રોજેક્ટ જ પૂરો થઈ જશે. તેથી આ પ્રોજેક્ટ અંગ્રેજી જાણતા વ્યક્તિને આપી દઉં અને હું બીજો પ્રોજેક્ટ સંભાળું.

a] 1 & 3 b] 3 c] 2 d] 1

19. Trishla has written an article on Career Trends which has been rejected by a few publishers. Which of the following statements show that she has “stronger roots”? *(You can choose more than one statement.)*

1. “I will get my article reviewed from a knowledgeable person to see if I can make any improvements from my side.”
2. “I cannot deal with one more rejection from another publisher.”
3. “I need to make it to the list of ‘Top 10 Authors of India’ as that is my goal.”
4. “I have researched well for the article & learnt in the process as well. I can continue to look for other publishers.”

a] 2 & 3 b] 3 & 4 c] 1 & 4 d] 2

૧૯. ત્રિશલાએ કારકિર્દી વલણો પર એક લેખ લખ્યો છે જેને કેટલાક પ્રકાશકો દ્વારા નકારવામાં આવ્યો છે. નીચેનામાંથી કયા વિધાન દર્શાવે છે કે તેના ‘મજબૂત મૂળ’ છે? (તમે એક કરતાં વધુ વિધાન પસંદ કરી શકો છો.)

1. “હું મારા લેખની કોઈ જાણકાર વ્યક્તિ પાસેથી સમીક્ષા કરાવીશ કે મારી તરફથી ક્યાં સુધારા કરી શકાય તે જાણી શકું.”
2. “હું બીજા પ્રકાશક તરફથી વધુ એક અસ્વીકારનો સામનો કરી શકતી નથી.”
3. “મારે ‘ભારતના ટોચના 10 લેખકો’ ની યાદીમાં સ્થાન મેળવવું છે, કારણ કે તે મારું લક્ષ્ય છે.”
4. “મેં આ લેખ માટે સારું સંશોધન કર્યું છે અને આ દરમિયાન મને ઘણું શીખવા પણ મળ્યું છે. હું બીજા પ્રકાશકોની શોધ ચાલુ રાખી શકું છું.”

a] 2 & 3 b] 3 & 4 c] 1 & 4 d] 2

## Section D

Instructions: There are 10 questions in this section. All questions are compulsory. Each question has 3 options. Select ONLY ONE option that you feel is the most appropriate and mark it on the answer sheet given to you.

**Max. Marks: 30**

સુચનાઓ – આ વિભાગમાં 10 પ્રશ્નો છે. બધા પ્રશ્નો ફરજિયાત છે. દરેક પ્રશ્નમાં 3 વિકલ્પો છે. તમને સૌથી યોગ્ય લાગે તે **ફક્ત એક જ** વિકલ્પ પસંદ કરો અને તમને આપેલી આન્સરશીટ પર તેને માર્ક કરો.

***મહત્તમ ગુણ: 30***

20. If Anupam is familiar with the idea of sustainable success, what will be most important to him?
    a] Receiving appreciation from his boss for putting in consistent efforts at work.
    b] Being given more responsibilities at work.
    c] Improve his decision-making abilities to build a strong foundation.

૨૦. જો અનુપમ ટકાઉ સફળતાના વિચારથી પરિચિત હોય, તો તેના માટે સૌથી મહત્વપૂર્ણ શું હશે?
    a] કામમાં સતત પ્રયત્નો કરવા બદલ તેને તેના બોસ તરફથી પ્રશંસા મળવી.
    b] કામમાં તેને વધુ જવાબદારીઓ સોંપવામાં આવવી.
    c] મજબૂત પાયો બનાવવા માટે પોતાની નિર્ણય લેવાની ક્ષમતામાં સુધારો કરવો.

21. Ramya's building gets flooded often, and senior citizens find it difficult to walk. What is the best Creator Response in such a situation that a group of teenagers living in the building can take?
    a] They can take it up as a project to solve so that next year such a problem does not happen.
    b] They can click photos and post on social media to demonstrate the difficulty being faced.
    c] They can help the managing committee to file a complaint with the relevant authorities.

૨૧. રામ્યાની બિલ્ડિંગમાં વારંવાર પાણી ભરાઈ જાય છે, અને વરિષ્ઠ નાગરિકોને ચાલવામાં મુશ્કેલી પડે છે. આવી પરિસ્થિતિમાં બિલ્ડિંગમાં રહેતા કિશોરોના જૂથ માટે શ્રેષ્ઠ સર્જક પ્રતિભાવ શું હોઈ શકે છે?
    a] તેઓ તેને ઉકેલવા માટે એક પ્રોજેક્ટ તરીકે લઈ શકે છે જેથી આવતા વર્ષે આવી સમસ્યા ન બને.
    b] તેઓ ફોટા લઇ શકે છે અને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી શકે છે અને તેમની મુશ્કેલી દર્શાવી શકે છે.
    c] તેઓ મેનેજિંગ કમિટીને સંબંધિત અધિકારીઓ પાસે ફરિયાદ નોંધાવવામાં મદદ કરી શકે છે.

22. A charity event in Gujarat is far more crowded than expected. Which member of the Organizing Committee is approaching the situation like a Contributor?

a] Utpal - “People have come together for a good cause. Now, I must find alternative arrangements to ensure the whole event goes smoothly.”
b] Poojan – “It’s my responsibility to sort out issues like parking, availability of food, water, etc. so that everyone’s experience is as smooth as possible.”
c] Rahil – “I will do what I can since we were unprepared for such a large crowd.”

૨૨. ગુજરાતમાં એક ચેરિટી ઈવેન્ટમાં અપેક્ષા કરતા વધારે ઘણા લોકો આવ્યા. આયોજક સમિતિના કયા સભ્ય યોગદાનકર્તાની જેમ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે?
a] ઉત્પલ – “લોકો એક સારા હેતુ માટે ભેગા થયા છે. હવે, મારે વૈકલ્પિક વ્યવસ્થાઓ શોધવી જોઇએ જેથી કરીને આખી ઘટના સરળતાથી પાર પડે.”
b] પૂજન – “પાર્કિંગ, ખોરાક અને પાણી જેવી બાબતોનું ધ્યાન રાખવાની જવાબદારી મારી છે, જેથી દરેકનો અનુભવ શક્ય તેટલો સરળ રહે.”
c] રાહિલ – “હું જે કરી શકું તે કરીશ કારણ કે અમે આટલી મોટી ભીડ માટે તૈયાર ન હતા.”

23. During campus placements, Amar is impatient and wants to avoid any uncertainty of not getting a job at all. So, he decides to join whichever company offers him a position first. What is the long-term consequence of such a decision?
a] He would not be able to leave this company even if other companies offer him a better position later.
b] He would lose the opportunity to build his patience.
c] He would not build the capability to adapt to new and uncertain situations.

૨૩. કેમ્પસ પ્લેસમેન્ટ દરમિયાન, અમર અધીરો હોય છે અને નોકરી ન મળવાની અનિશ્ચિતતા ટાળવા માંગે છે. તેથી, તે જે પણ કંપની તેને પહેલા નોકરી આપે તેમાં જોડાવાનું નક્કી કરે છે. આવા નિર્ણયનું લાંબા ગાળાનું પરિણામ શું છે?
a] પછી ભલે બીજી કંપનીઓ તેને વધુ સારી નોકરી આપે, તો પણ તે આ કંપની છોડી શકશે નહીં.
b] તે પોતાની ધીરજ વધારવાની તક ગુમાવશે.
c] તે નવી અને અનિશ્ચિત પરિસ્થિતિઓમાં અનુકૂલન સાધવાની ક્ષમતા વિકસાવી શકશે નહીં.

24. Pooja, a new trainee, has to start a digital marketing project in her first week at work. It is a completely new area for her, and she doesn't have any experience or expertise in it. As a Contributor, what is she most likely to think?
a] “My experience is in software development. I don’t know how to go about this project.”
b] “I don’t know anything about digital marketing. I will do my own research first, and as I start the project; I will keep trying to see which methods work for the client & end users.”
c] “I need someone who has experience in this subject to explain what needs to be done. This will help me get started and give some direction as to how to go about it.”

૨૪. પૂજા, એક નવી ટ્રેની છે અને તેને કામના પહેલા અઠવાડિયામાં ડિજિટલ માર્કેટિંગનો એક પ્રોજેક્ટ શરૂ કરવો છે. તે તેના માટે સંપૂર્ણપણે નવું ક્ષેત્ર છે, અને તેને તેમાં કોઈ અનુભવ કે કુશળતા નથી. એક યોગદાનકર્તા તરીકે, તે શું વિચારે છે?

a] "મારો અનુભવ સોફ્ટવેર ડેવલપમેન્ટમાં છે. મને ખબર નથી કે આ પ્રોજેક્ટ કેવી રીતે કરવો."

b] "મને ડિજિટલ માર્કેટિંગ વિશે કંઈ ખબર નથી. હું પહેલા જાતે સંશોધન કરીશ, અને જેમ જેમ હું પ્રોજેક્ટ શરૂ કરીશ; હું એ જોવાનો પ્રયાસ ચાલુ રાખીશ કે કઈ પદ્ધતિઓ ક્લાયન્ટ અને અંતિમ વપરાશકર્તાઓ માટે કામ કરે છે."

c] "મારે એવી વ્યક્તિની જરૂર છે જેમને આ વિષયનો અનુભવ હોય, જેથી તેઓ સમજાવી શકે કે શું કરવાની જરૂર છે. આનાથી મને શરૂઆત કરવામાં મદદ મળશે અને કામ કેવી રીતે આગળ વધારવું તે અંગે ચોક્કસ દિશા મળશે."

25. How do you see your role as an Engineering student?
   a] My role is to participate in competitions and projects that I am interested in and do my best.
   b] My role is to find practical solutions to problems that people face every day.
   c] My role is to pass examinations with good grades to get a well-paying job.

૨૫. એન્જિનિયરિંગના વિદ્યાર્થી તરીકે તમે તમારી ભૂમિકા કેવી રીતે જુઓ છો?
   a] મારી ભૂમિકા એવી સ્પર્ધાઓ અને પ્રોજેક્ટ્સમાં ભાગ લેવાની છે જેમાં મને રસ હોય અને તેના માટે મારા શ્રેષ્ઠ પ્રયાસો કરવાની છે.
   b] મારી ભૂમિકા એવી સમસ્યાઓના વ્યવહારુ ઉકેલો શોધવાની છે જેનો લોકો દરરોજ સામનો કરે છે.
   c] મારી ભૂમિકા સારા ગ્રેડ સાથે પરીક્ષાઓ પાસ કરવાની છે જેથી સારી કમાણીવાળી નોકરી મેળવી શકાય.

26. Omprakash Mishra is a passionate teacher who worked hard to make learning more meaningful. He encouraged students to think deeply and to apply what they learnt in practical ways. Why are Contributors like Omprakash Mishra a boon to society?
   a] They make a real difference to their stakeholders and remain committed to empowering them.
   b] They become positive role models in society.
   c] They do their assigned duties properly.

૨૬. ઓમપ્રકાશ મિશ્રા એક ઉત્સાહી શિક્ષક છે જેમણે શિક્ષણને વધુ અર્થપૂર્ણ બનાવવા માટે સખત મહેનત કરી છે. તેમણે વિદ્યાર્થીઓને ઊંડાણપૂર્વક વિચારવા અને તેઓ જે શીખે છે તેને વ્યવહારુ રીતે લાગુ કરવા પ્રોત્સાહિત કર્યા. ઓમપ્રકાશ મિશ્રા જેવા યોગદાનકર્તાઓ સમાજ માટે આશીર્વાદરૂપ કેમ છે?
   a] તેઓ તેમના હિસ્સેદારો માટે વાસ્તવિક ફરક લાવે છે અને તેમને સશક્ત બનાવવા માટે પ્રતિબદ્ધ રહે છે.
   b] તેઓ સમાજમાં સકારાત્મક રોલ મોડેલ બને છે.
   c] તેઓ તેમની સોંપાયેલ ફરજો યોગ્ય રીતે કરે છે.

27. If you were an Institution Builder, what would you focus on?
    a] I will focus on creating opportunities for others so that they can bring out the best in themselves.
    b] I will focus on developing myself as a leader to make my career more secure.
    c] I will focus on building an organization that lasts for a long time.

૨૭. જો તમે ઇન્સ્ટિટ્યૂશન બિલ્ડર હોત, તો તમે શેના પર ધ્યાન કેન્દ્રિત કરશો?
    a] હું બીજા માટે તકો ઊભી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીશ, જેથી તેઓ પોતાનામાં શ્રેષ્ઠતા લાવી શકે.
    b] હું મારી કારકિર્દીને વધુ સુરક્ષિત બનાવવા માટે એક લીડર તરીકે પોતાને વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરીશ.
    c] હું એવી સંસ્થા બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરીશ જે લાંબા સમય સુધી ચાલે.

28. Adarsh has received an offer letter for a course in one of the top colleges in India. If he thinks like a Contributor, how should he think about this offer?
    a] "Will this course help me get a deeper understanding of the subject I am interested in?"
    b] "Will this course help me build skills required in my career?"
    c] "Will I get a job after this course?"

૨૮. આદર્શને ભારતની ટોપ ની કોલેજોમાંની એકમાં, કોર્સ માટે ઓફર લેટર મળ્યો છે. તેને આ ઓફર વિશે શું વિચારવું જોઈએ?
    a] "શું આ કોર્સ મને જે વિષયમાં રસ છે તેની ઊંડી સમજ મેળવવામાં મદદ કરશે?"
    b] "શું આ કોર્સ મને મારી કારકિર્દીમાં જરૂરી કૌશલ્યો વિકસાવવામાં મદદ કરશે?"
    c] "શું આ કોર્સ પછી મને નોકરી મળશે?"

29. A group of students is asked to organize a fundraiser. None of them has organized a fundraiser before. Which of them demonstrates an I-CAN approach?
    a] Vinayak: "This is a chance for me to grow. I'll research strategies, consult experienced organizers, and use my findings to help organize the fundraiser."
    b] Arvind: "I'll look up a few articles online and use that as a guide to complete the activity."
    c] Shrikant: "I will ask for help to organize the fundraiser. I don't think I will be able to manage it alone."

૨૯. વિદ્યાર્થીઓના એક જૂથને ફંડરેઝર (ભંડોળ એકઠું કરવા માટેનો કાર્યક્રમ) આયોજિત કરવાનું કહેવામાં આવ્યું છે. તેમાંથી કોઈએ પણ અગાઉ ક્યારેય ફંડરેઝરનું આયોજન કર્યું નથી.
    a] વિનાયક – "આ મારા માટે આગળ વધવાની (વિકાસ કરવાની) એક તક છે. હું આ માટેની વ્યૂહરચનાઓ પર સંશોધન કરીશ, અનુભવી આયોજકોની સલાહ લઈશ અને મારા તારણોનો ઉપયોગ ફંડરેઝરના આયોજનમાં મદદ કરવા માટે કરીશ."
    b] અરવિંદ – "હું ઑનલાઇન થોડા લેખો શોધીશ અને ફંડરેઝરના આયોજન માટે તેમને માર્ગદર્શિકા તરીકે ઉપયોગ કરીશ."

c] શ્રીકાંત – “હું ફંડરેઝર નું આયોજન કરવા માટે મદદ માંગીશ. મને નથી લાગતું કે હું એકલો તેનું સંચાલન કરી શકીશ.”

************